GJGS020016082019

Presented on : 30-07-2019
Registered on : 30-07-2019
Decided on : 17-03-2026
Duration : 19d-07m-06y

**IN THE COURT OF**
**4th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT,VERAVAL GIR SOMNATH**
**(Presided Over by H.J. VASAVDA)**

**CC/806/2019**
**Exhibit No.10**

**શ્રી સરકાર ........**
વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર. નં. થર્ડ ૪૬/૧૯ **......... ફરીયાદી**

**વિરૂદ્ધ**

**આકાશ દિલીપભાઇ સોલંકી,**
ઉ.વ.૨૧, ધંધો–મજુરી,
રહે. ભાલકા મંદિરની બાજુમાં, ઝુંપડપટ્ટી, પ્ર.પાટણ. **......... આરોપી**

**ગુન્હો પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ ઇ.**

---

સરકાર તરફે :- વિ.વ. શ્રી જે.એસ.પરમાર
આરોપી તરફે :- સી.આર.પી.સી.કલમ–૨૯૯

---

**–:: ચુકાદો ::–**

**(૧).** આ કામના ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી ગઇ તા. ૨૦/૦૨/૨૦૧૯ કલાક ૧૩:૩૦ વાગ્યે વેરાવળ ભીડીયા બંદર નારાયણી ફેકટરી સામે પોતાના કબજામાં ગે.કા. રીતે પાસ પરમીટે દેશી પીવાનો દારૂ લી. ૫ કી. રૂા. ૧૦૦/–નો પ્રોહી મુદામાલ રાખી રેઇડ દરમિયાન પકડાઇ જઇ પ્રોહી કલમ– ૬૫ ઇ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે અને તે મતલબની ફરીયાદ આ કામના ફરીયાદી શ્રી સ.ત. વિનયસીંહ ગીગાભાઇ પો.કો.વેરાવળ સીટી પો.સ્ટે.વાળાએ વેરાવળ સીટી પો.સ્ટે.માં આપતા સદર ફરીયાદ વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. થર્ડ ૪૬/૧૯થી નોંધવામાં આવેલી અને સદર કામ ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હોવાની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨).** સદર કેસ સને - ૨૦૧૯ ની સાલનો હોય આરોપી હાજર રહેતા ન હોય, આરોપી સામે અસંખ્યવાર વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ પરંતુ

આરોપીની હાજરી મેળવી શકાયેલ નહી. આરોપી હાજર રહેતા ન હોય તેમજ નજીકના ભવિષ્યમાં પણ તેઓ હાજર રહેશે તેવી કોઇ શકયતા જણાઇ આવતી ન હોય, જેથી ન્યાયીક કાર્યવાહીમાં વિલંબ થતો હોય જે યોગ્ય જણાઇ આવતું ન હોય સદરહું કામે ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માટે આંક – ૧ લગત હુકમ કરી ક્રિ.પ્રો.કલમ- ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ અને આ કામ ફરીયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૩). આ કામમાં ફરીયાદપક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ – શબ્બીરભાઇ કાસમભાઇ કાલવાણીયાની સોગંદ ઉપરની જુબાની | ૦૩ |
| ૨. | પ્રા.પંચનામાની ખરીનકલ | ૦૪ |
| ૩. | પંચ સાહેદ– યુનુસ ઓસમાણભાઇ સમાની સોગંદ ઉપરની જુબાની | ૦૫ |
| ૪. | ફરીયાદી– વિનયસીંહ ગીગાભાઇ મોરીની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |
| ૫. | અસલ ફરીયાદ | ૦૮ |
| ૬. | ત.ક.અ.– અનીરૂધ્ધસીંહ જયવંતસીંહ રાયજાદાની સોગંદ ઉપરની જુબાની | ૦૯ |

(૪). આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ મૌખીક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા તેના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદર કામ આરોપી વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચલાવવામાં આવેલ છે.

(૫). કેસની ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપી ગઇ તા. ૨૦/૦૨/૨૦૧૯ કલાક ૧૩:૩૦ વાગ્યે વેરાવળ ભીડીયા બંદર નારાયણી ફેકટરી સામે પોતાના કબજામાં ગે.કા. રીતે પાસ પરમીટે દેશી પીવાનો દારૂ લી. ૫ કી. રૂા. ૧૦૦/−નો પ્રોહી મુદામાલ રાખી રેઇડ દરમિયાન પકડાઇ જઇ પ્રોહી કલમ− ૬૫ ઇ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(૧) ''નકારમાં''

(૨) '' આખરી હુકમ મુજબ''

(૭). દલીલ

બચાવપક્ષના પુરાવાના સ્ટેજ પુરા થયા બાદ ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી જે.એસ.પરમારની દલીલ સાંભળવામાં આવેલ છે.

(૮). **:: કારણો ::**

આમ, સમગ્ર રીતે જોવા જોઇએ તો, આંક – ૦૩ તથા આંક – ૦૫ થી રજુ થયેલ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક – ૦૪ થી રજુ થયેલ પ્રાથમીક પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદરહું પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તે પંચનામું દારૂના કેસ બાબતનું હોવાનું જણાવી તેનાથી વિશેષ તેઓ કાઇ જાણતા ન હોવાનું અને તેઓને કાઇ ખબર ન હોવાનું જણાવી આંક – ૦૭ થી રજુ થયેલ પ્રા.પંચનામામા પોતાની પંચો તરીકે સહી ઓળખી બતાવેલ છે. તેમજ તેઓની હાજરીમાં કોઇ પ્રોહીબીશનનો મુદામાલ કબજે કરવામાં આવેલ હોય કે કોઇ આરોપીને અટક કરવામાં આવેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવેલ છે. સદરહું પંચ સાહેદો પંચનામાની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે.

(૯). જયારે આંક – ૦૭ થી રજુ થયેલ ફરીયાદી પોલીસ સાહેદ

વિનયસીંહ ગીગાભાઈ મોરીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી, આરોપીને જોયથી ઓળખતા હોવાનું જણાવી આંક – ૦૮ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે.

**(૧૦).** જયારે આંક – ૦૯ થી રજુ થયેલ ત.ક.અ. અનીરૂધ્ધસીંહ જયવતસીંહ રાયજાદાનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવી સદર ગુન્હાની તપાસ તેઓને સોંપાતા તેઓએ તપાસ સંભાળેલ હોવાનું જણાવી આરોપીને ગુન્હાના કામે અટક બતાવી કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ રેઈડમાં સામેલ પોલીસ કર્મચારીઓ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આંક – ૪ વાળું પંચનામું પોતાની રૂબરૂનું થયેલ હોય પંચનામાની વિગતે કબજે કરેલ પ્રોહીબીશનનો મુદામાલનું સેમ્પલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલ હોવાનું જણાવી તપાસ દરમિયાન તેઓની બદલી થતા આ કામનું ચાર્જશીટ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ શ્રી એસ.ઓ.સાંધે દાખલ કરેલ હોવાનું જણાવેલ છે. આરોપીને જોયેથી ઓળખતા હોવાનું જણાવેલ છે.

સદરહું ફરીયાદી તથા ત.ક.અ.ની જુબાનીને કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી.

**(૧૧).** આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતા રેઈડવાળી જગ્યા જાહેર વિસ્તાર હોવા છતાં આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આ કામે પો.સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ ન હોય તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે માત્ર પો.સાહેદોની જુબાની જ રજુ થયેલ હોય અને તેઓની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોનો સમર્થન આપેલ નથી. જેથી વેરાવળ ભીડીયા બંદર નારાયણી ફેકટરી સામે પોતાના કબજામાં ગે.કા. રીતે પાસ પરમીટે દેશી પીવાનો દારૂ લી. ૫ કી. રૂા. ૧૦૦/–નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમિયાન પકડાઈ આવેલ હોવાની હકીકતને નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ ન હોય, તપાસવામાં આવેલ નથી.

જેથી એક માત્ર ફરીયાદના આધારે અને અન્ય વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે કોઇ સ્વતંત્ર સાહેદો પુરાવાને કામે રજુ નથી. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ રહેલો હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: આખરી હુકમ::—**

(૧) આ કામના આરોપી **આકાશ દિલીપભાઇ સોલંકી,** ઉ.વ.૨૧, ધંધો–મજુરી,રહે. ભાલકા મંદિરની બાજુમાં, ઝુંપડપટ્ટી, પ્ર.પાટણવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ - ૨૪૮(૧) મુજબ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ – ૬૫ ઈ. મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાના લાભ સાથે નિર્દોષ ઠરાવી બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાતમચુરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે મુદામાલ પાવતી નં. ૪૬/૧૯ ના કામે રજુ થયેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૭ મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date : **17 -03-2026**
**VERAVAL**

**(MR. H.J.VASAVDA)**
**4TH ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
**AT ,VERAVAL GIR SOMNATH**
**Judge Code GJ01386**